https://divya-b.in/43f8NrqZOCb

# નેશનલ ટીચર્સ એવોર્ડ-2023:ઇડીઆઇઆઇના ફેકલ્ટીને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ એનાયત કરાશે, ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન તરફથી પસંદ કરાયેલા 13 વિજેતાઓમાંના એક બન્યા

અમદાવાદ

આંત્રપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા ખાતે આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટનાં ડાયરેક્ટર અને પ્રોફેસર ડૉ. સત્ય રંજન આચાર્યને હાયર એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યૂશન્સ એન્ડ પોલીટેક્નિક ઇન્સ્ટીટ્યૂટ્સ માટેની એવોર્ડ કેટેગરીમાં નેશનલ ટીચર્સ એવોર્ડ-2023 મેળવવા માટે પસંદ કરાયા છે. તેઓ ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન તરફથી પસંદ કરાયેલા 13 પુરસ્કાર વિજેતાઓ પૈકીના એક છે. આ પ્રતિષ્ઠિત એવોર્ડ 5 સપ્ટેમ્બર, 2023ના રોજ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા એનાયત કરાશે. ડૉ. આચાર્ય આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશનનાં ક્ષેત્રમાં એક શિક્ષણવિદ્ છે. તેઓ ઉભરતાં ઉદ્યોગ સાહસિકો તથા વિકસિત ઉદ્યોગ સાહસિકોને તાલીમ આપવામાં કુશળતા ધરાવે છે. તેઓ EDII ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશનનાં ડાયરેક્ટર અને પ્રોફેસર છે. હાલમાં તેઓ ગુજરાતનાં કમિશનર ઓફ કોટેજ એન્ડ રૂરલ ઇન્ડસ્ટ્રી દ્વારા સ્પોન્સર કરાયેલા 'હસ્તકલા સેતુ' પ્રોજેક્ટનું નેતૃત્વ કરી રહ્યાં છે.

## EDII સાથે જોડાતા પહેલાં બિઝનેસ સ્કૂલ સાથે સંકળાયેલા હતાં

ભારતમાં શિક્ષકોના ઉત્કૃષ્ટ યોગદાનને માન્યતા આપવા માટે શિક્ષણ મંત્રાલય દ્વારા અપાતો નેશનલ ટીચર્સ એવોર્ડ એક પ્રતિષ્ઠિત પુરસ્કાર છે. આ એવોર્ડમાં સર્ટિફિકેટ ઓફ મેરિટ, રોકડ પુરસ્કાર અને સિલ્વર મેડલ આપવામાં આવે છે. નેશનલ ટીચર્સ એવોર્ડ માટે ડૉ. આચાર્યની પસંદગી ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ પ્રત્યે તેમના સમર્પણ અને કટીબદ્ધતાનો પુરાવો તેમજ ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે તેમની કામગીરીથી ભારતમાં વધુ વાઇબ્રન્ટ આંત્રપ્રિન્યોરલ ઇકોસિસ્ટમની રચના કરવામાં મદદ મળી છે. EDII સાથે જોડાતા પહેલાં તેઓ પ્રતિષ્ઠિત

બિઝનેસ સ્કૂલ સાથે સંકળાયેલા હતાં તથા તેમણે IIM અમદાવાદ ખાતે કેએલ ચેર ઓફ આંત્રપ્રિન્યોરશીપ ખાતે રિસર્ચ ફેલો તરીકે પણ કામ કર્યું છે.

**અનેક પ્રકારનાં ડેવલોપમેન્ટ કાર્યક્રમોનું આયોજન કર્યું**

તેમણે MASHAV - ઇઝરાયેલની એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલોપમેન્ટ કોઓપરેશન, ઇઝરાયેલ ખાતે 'સ્ટાર્ટઅપ એક્સિલરેટર્સ ઇન ધ આંત્રપ્રેન્યોરિઅલ ઇકોસિસ્ટમ' અને યુએસએની યુનિવર્સિટી ઓફ ટેનેસી ખાતે 'એપ્લિકેશન ઓફ બિઝનેસ સિમ્યુલેશન ફોર એન્ટરપ્રેન્યોરશીપ ટીચિંગ'માં હાજરી આપી છે, જેણે ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રોમાં તેમની નિપુણતામાં વધારો કર્યો છે. તેઓ ન્યુ એન્ટરપ્રાઇઝ ક્રિએશન, આંત્રપ્રેન્યોરિઅલ ફાઇનાન્સ અને સિક્યોરિટી એનાલિસિસનાં અભ્યાસક્રમો શીખવે છે. તેઓએ એગ્રી આંત્રપ્રિન્યોરશિપ, ટેક્નોલોજી આંત્રપ્રિન્યોરશિપ અને બિઝનેસ ઇન્ક્યુબેશન જેવા ક્ષેત્રોમાં વિવિધ મેનેજમેન્ટ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ્સ હાથ ધર્યા છે. તેઓએ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ માટે ઉદ્યોગસાહસિકતા શિક્ષણ અને સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેશન પર વિવિધ ફેકલ્ટી ડેવલોપમેન્ટ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. તેઓ ગુજરાત સરકાર, ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશન ખાતે એમએચઆરડી ઇનોવેશન સેલ તથા વિવિધ યુનિવર્સિટીઝ/ઇન્સ્ટિટ્યૂશન્સના સ્ટાર્ટઅપ-કેન્દ્રિત પહેલ સાથે જોડાયેલા છે. તેઓ ઇડીઆઇઆઇ ખાતે ડીએસટી-સ્પોન્સર્ડ ઇન્ક્યુબેશન સેન્ટર – સેન્ટર ઓફ એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઇઝના પણ ડાયરેક્ટર છે.